| GJPM080002222025 | | ફરીયાદ આવ્યા તારીખ | : | ૧૮–૦૨–૨૦૨૫ | | |
|---|---|---|---|---|---|---|
| | | ફરીયાદ રજુ થયા તારીખ | : | ૧૮–૦૨–૨૦૨૫ | | |
| | | ફરીયાદ નિકાલ થયા તારીખ | : | ૩૦–૦૪–૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમય ગાળો. | | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૧ | ૦૨ | ૧૨ |

**ઘોઘંબાના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં...**

# ક્રિમીનલ કેસ નં.૧૭૩/૨૦૨૫

**આંક–**

| **ફરીયાદી.** |
|---|
| શ્રી સરકાર. |

**–:: વિરૂધ્ધ ::–**

| **આરોપી** |
|---|
| શકિતકુમાર ગમાભાઈ નાયક,<br>રહે.ચંન્દ્રનગર,મુવાડી ફળીયુ,<br>તા.ઘોઘંબા,જી.પંચમહાલ. |

**ફરીયાદ :– ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩), ૫૪ મુજબ.**

---

**ફરીયાદી તર્ફે વિ.વ.એ.પી.પી.શ્રી એ.ડી.કામોળ.**

**તહોમતદાર તર્ફે લીગલ કાઉન્સેલ શ્રી એમ.જે.વ્યાસ.**

---

## –:: <u>ચુકાદો</u> ::–

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આરોપીએ તા.૨૩/૦૯/૨૦૨૪ ના કલાક ના ૧૫:૦૦ વાગ્યાના સુમારે મોજે ચેલવાડા ગામે રેવાડીયાવાળા ખેતરમાં આ કામના ફરીયાદીબેન નાઓ તેમના ખેતરમાં ઘાસ ચારો લેવા માટે ગયેલ હતા તે દરમ્યાન આ કામના આરોપીએ આ કામના ફરીયાદીબેનને શારીરીક અડપલા કરી અને આ કામના ફરીયાદીબેને શારીરીક અડપલા કરવાનું ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને ધકકો મારી નીચે પાડી દઈ ગડદાપાટુનો મારી મારી તેમજ ફરીયાદીબેનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩),૫૪ મુજબની નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

**૨.** આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આરોપીને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુધ્ધ ગુન્હા સબબનુ તહોમતનામુ ફરમાવી આરોપીનુ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**3.** હાલના કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો.</u>**

| અ.નં. | સાહેદની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | સાહેદ ગજરાબેન નરવતસિંહ પરમાર (ફરીયાદી)ની જુબાની. | ૧૪ |
| ૨. | સાહેદ શૈલેષભાઈ રમણભાઈ નાયક ની જુબાની | ૧૯ |

**<u>ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.</u>**

| અ.નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | ફરીયાદ. | ૧૫ |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરવા માં ગતા નથી તેમ જણાવી ફરીયાદ પક્ષે આંક–૧૬ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષ નો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધના એવા કોઈ સંજોગો કે જેનો ખુલાસો આરોપી પાસેથી મેળવવો જરુરી જણાતો હોય તેમ જણાઈ આવ્યુ ન હોવાથી આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી એમ.જે. વ્યાસ ની દલીલો સાંભળવામાં આવી.

**૫.** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા

તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૩/૦૯/૨૦૨૪ ના કલાક ના ૧૫:૦૦ વાગ્યાના સુમારે મોજે ચેલવાડા ગામે રેવાડીયાવાળા ખેતરમાં આ કામના ફરીયાદીબેન નાઓ તેમના ખેતરમાં ઘાસ ચારો લેવા માટે ગયેલ હતા તે દરમ્યાન આ કામના આરોપીએ આ કામના ફરીયાદીબેનને શારીરીક અડપલા કરી અને આ કામના ફરીયાદીબેને શારીરીક અડપલા કરવાનું ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને ધકકો મારી નીચે પાડી દઈ ગડદાપાટુનો મારી મારી તેમજ ફરીયાદીબેનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ભારતીય ન્યાય સં હિતાની કલમ-૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩),૫૪ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:-નકારાત્મક.

મુદ્દા નં.૨:-આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

-:: **<u>કારણો</u>** ::-

**મુદ્દા નં.૧:-**

હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩),૫૪ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

૮. આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુન્હા સબબના આવશ્યક તત્વોને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક–૧૪ થી ફરીયાદી ગજરાબેન નરવતસિંહ પરમાર ને તપાસવામાં આવેલા છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે,બનાવામાં આ આરોપી શકતી સાથે ઘાસચરો ઉપાડવા બાબતે સામાન્ય બોલાચાલી ગયેલી તે સીવાય બીજુ કાંઈ બનેલ નહી ખેતરમાં કામ કરતા લપસી પડતા મને વાગેલુ આવેશમાં આવી જઈને મે રાજગઢ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી દીધેલી મને આજરોજ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૦૯ આપવામા આવે છે તેવી હકીકત પોતાની ફરીયાદથી વિરુધ્ધ ની જણાવતા સાહેદ ને ફ.રીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદની પુરાવા કલમ–૧૫૪ અન્વયે પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્ર શ્નો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદે ફરીયાદને સમર્થનકારી કોઈ હકીકત જણાવી નથી. ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી છે કે,આરોપી સામે સામાન્ય બોલચાચાલી થયેલી.આ ફરીયાદ મે નટુભાઈના કહેવાથી આપેલી. ખે વાત ખરી છે કે, આરોપીને હું

ઓળખતી નથી એ વાત ખરી છે કે,આરોપીએ મારી સાથે કોઈ પણ જાતના શારીરીક અડપલા કરેલ નથી.

તે બાદ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૧૯ થી સાહેદ શૈલેષભાઈ રમણભાઈ નાયક ને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદી સાહેદે જે હકીકતે પુરાવો રજુ કરેલો છે તેવી હકીકતે પોતાનો મહત્વનો પુરાવો રજુ કરેલો હોઈ સાહેદના પુરાવાનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

૯. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી ભોગબનનાર તથા બનાવ નજરે જોનાર સાહેદો ના પુરાવા નુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી મહેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ બારીયા નાઓએ આંક–૧૫ ની પોલીસ રુબરુ જે ફરીયાદ આપેલ છે તેમાં આરોપી વિરુધ્ધના ગુન્હાને લગતી મહત્વની હકીકતો જણાવેલી છે તેવી હકીકતો ને ફરીયાદી તથા સાહેદોએ પોતાની સોગંદ ઉપર ની જુબાનીમાં સમર્થન આપેલ નથી આમ, ફરીયાદ પક્ષના મહત્વ ના સાહેદોની જુબાની ધ્વારા એવી હકીકત પ્રસ્થાપિત થઈ શકેલ નથી કે, ''આરોપીએ તા.૨૩/૦૯/૨૦૨૪ ના કલાક ના ૧૫:૦૦ વાગ્યાના સુમારે મોજે ચેલવાડા ગામે રેવાડીયાવાળા ખેતરમાં આ કામના ફરીયાદીબેન નાઓ તેમના ખેતરમાં ઘાસ ચારો લેવા માટે ગયેલ હતા તે દરમ્યાન આ કામના આરોપીએ આ કામના ફરીયાદીબેનને શારીરીક અડપલા કરી અને આ કામના ફરીયાદીબેને શારીરીક અડપલા કરવાનું ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને ધકકો મારી નીચે પાડી દઈ ગડદાપાટુનો માર મારી તેમજ ફરીયાદીબેનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ભારતીય

ન્યાય સંહિતાની કલમ–૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩),૫૪ મુજબ નો ગુનો પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે 'આરોપીએ તા.૨૩/૦૯/૨૦૨૪ ના કલાક ના ૧૫:૦૦ વાગ્યાના સુમારે મોજે ચેલવાડા ગામે રેવાડીયાવાળા ખેતરમાં આ કામના ફરીયાદીબેન નાઓ તેમના ખેતરમાં ઘાસ ચારો લેવા માટે ગયેલ હતા તે દરમ્યાન આ કામના આરોપીએ આ કામના ફરીયાદીબેનને શારીરીક અડપલા કરી અને આ કામના ફરીયાદીબેને શારીરીક અડપલા કરવાનું ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને ધકકો મારી નીચે પાડી દઈ ગડદાપાટુનો મારી મારી તેમજ ફરીયાદીબેનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલી હોય.''તેવી હકીકત પુરવાર થઈ શકેલ નહોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ અન્વયે આ કામના આરોપી શકિતકુમાર ગમાભાઈ નાયક,રહે.ચંન્દ્રનગર,મુવાડી ફળીયુ,તા.ઘોઘંબા,જી. પંચમહાલ. નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૪,૧૧૫(૨),૩૫૧(૨)(૩),૫૪ મુજબના ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.	આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રુા. ૫૦૦૦/– ના જાત જામીન  તથા સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:–ઘોઘંબા.
તારીખ : ૩૦/૦૪/૨૦૨૬

**(એચ.એસ.લાંગા)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.